Surat Municipal Corporation
e-Magazine
Issue 43
Mar. 17, 2006

## કોરબા તથા રાયગઢ ના મ્યુ. કમિશનરશ્રીઓ અને ફાલોદી મ્યુ. બોર્ડના પ્રમુખ તથા સભ્યશ્રીઓ સુરતની મુલાકાતે



શ્રી જીતેન્દ્ર શુકલા, મ્યુ. કમિશનરશ્રી કોરબા, શ્રી એસ. કે. સુંદરાની, મ્યુ. કમિશનરશ્રી રાયગઢ, તેમજ ફાલોદી મ્યુ. બોર્ડના પ્રમુખ તથા તેમની સાથે પાંચ સભ્યશ્રીઓની ટીમ તા.૦૬–૦૩–૨૦૦૬ થી તા.૦૯–૦૩–૨૦૦૬ સુધી સુરતની મુલાકાતે આવેલ. તેઓએ ૨ દિવસ દરમ્યાન સુરત મહાનગરપાલિકાની મેડીકલ કોલેજ, વરાછા ફલાય ઓવર બ્રીજ, સરથાણા નેચર પાર્ક, વીયર–કમ–કોઝવે, વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ, સુમન નર્સરી વેસ્ટ ઝોન ઓફિસ, યુ.સી.ડી. વિભાગ, સેન્ટ્રલ ઝોન ખાતે નાગરિક સુવિધા કેન્દ્ર વિગેરેની મુલાકાત લીધી હતી.....

વધુ માટે કલીક કરો >>>>>>

## આંતર રાષ્ટ્રીય મહિલા દિન નિમિત્તે સુરત મહાનગરપાલિકા તરફથી સરદાર સ્મૃતિભવન ખાતે મહિલાઓના સન્માન સમારંભ યોજવામાં આવેલ



આંતર રાષ્ટ્રીય મહિલા દિન નિમિત્તે સુરત મહાનગરપાલિકા તરફથી ૮ મી માર્ચ ૨૦૦૬ના રોજ સરદાર સ્મૃતિભવન, વરાછા રોડ, ખાતે બપોરે ૩.૦૦ કલાકે મહિલાઓના સન્માન સમારંભ યોજવામાં આવ્યો હતો. આ સન્માન સમારંભમાં મા. મેયરશ્રી ડો. કનુભાઈ માવાણી, મુખ્ય મહેમાન પદ્મવિભૂષિત શ્રીમતિ પૂર્ણિમાબેન પકવાસા, ડે. મેયર શ્રીમતિ ડો. સુષ્માબેન અગ્રવાલ, શાસક પક્ષના નેતાશ્રી રાજેશભાઈ દેસાઈ, સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષા શ્રીમતિ અસ્મિતાબેન શિરોયા, ઉપાધ્યક્ષા શ્રીમતિ છાયાબેન ભૂવા ઉપસ્થિત રહયા હતા. આ સમારંભમાં મહાનગરપાલિકાના ૩૪ ચૂંટાયેલા મહિલા સદસ્યશ્રીઓ તેમજ શહેરની ૬૩ મહિલા સંસ્થાઓના પ્રતિનિધિઓનું શાલ ઓઢાડી સન્માન કર્યુ હતું....

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકાની મેયર્સ ટીમ, કમિશ્નર્સ ટીમ તથા પ્રેસ ટીમ વચ્ચે ટ્રાયેન્ગુલર ક્રિકેટ ટુનાર્મેન્ટ



સુરત મહાનગરપાલિકાની મેયર્સ ટીમ, કમિશ્નર્સ ટીમ તથા પ્રેસ ટીમ વચ્ચે ટ્રાયેન્ગુલર ક્રિકેટ ટુનાર્મેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. લાલભાઈ કોન્ટ્રાકટર સ્ટેડિયમ ખાતે તા. ૧૦–૩–૨૦૦૬ના રોજ શરૂ થયેલી ટુનાર્મેન્ટની પ્રથમ મેચ મેયર્સટીમ તથા પ્રેસ ટીમ વચ્ચે રમાઈ હતી, જેનું ઉદઘાટન મા. મેયરશ્રી ડો. કનુભાઈ માવાણીએ ટોસ ઉછાળી કર્યુ હતું. પ્રેસ ટીમે ટોસ જીતીને સૌ પ્રથમ બેટીંગ પસંદ કર્યુ હતું. તેમાં સુરત મહાનગરપાલિકાની મેયર્સ ટીમ, કમિશ્નર્સ ટીમ તથા પ્રેસ ટીમ વચ્ચે લાલભાઈ કોન્ટ્રાકટર સ્ટેડિયમ, સુરત ખાતે ટ્રાયેન્ગુલર ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું....

વધુ માટે કલીક કરો >>>>>>

## સહકાર માટે નાગરિકોને અપીલ

ગયા દાયકામાં સુરત શહેરની વસ્તી બમણી થઈ છે, અને હજી વધતી જાય છે. આવતા દસ વર્ષમાં તે લગભગ ૪૨.૦૦ લાખ થવાની ધારણા છે. શહેરના આ વિકાસ સાથે વાહનવ્યવહારની વ્યવસ્થાનો પ્રશ્ન વિકટ બનતો જાય છે. હયાત રસ્તાઓ અને વાહન વ્યવસ્થા અપૂરતા જણાય છે, તેમજ એક સ્થળેથી બીજે સ્થળે જવા માટે સમય વધુ વેડફાય છે. પાર્કીંગ મળતું નથી. આ ઉપરાંત હવા તથા ઘોંઘાટનું પ્રદૂષણ વધ્યું છ ....

વધુ માટે કલીક કરો >>>>>>

## કોરબા તથા  રાયગઢ ના મ્યુ. કમિશનરશ્રીઓ અને ફાલોદી મ્યુ. બોર્ડના પ્રમુખ તથા સભ્યશ્રીઓ સુરતની મુલાકાતે

શ્રી જીતેન્દ્ર શુકલા, મ્યુ. કમિશનરશ્રી કોરબા, શ્રી એસ. કે. સુંદરાની, મ્યુ. કમિશનરશ્રી રાયગઢ, તેમજ ફાલોદી મ્યુ. બોર્ડના પ્રમુખ  તથા તેમની સાથે પાંચ સભ્યશ્રીઓની ટીમ તા.૦૬–૦૩–૨૦૦૬ થી તા.૦૯–૦૩–૨૦૦૬ સુધી સુરતની મુલાકાતે આવેલ. તેઓએ ૨ દિવસ દરમ્યાન સુરત મહાનગરપાલિકાની મેડીકલ કોલેજ, વરાછા ફલાય ઓવર બ્રીજ, સરથાણા નેચર પાર્ક, વીયર–કમ–કોઝવે, વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ, સુમન નર્સરી વેસ્ટ ઝોન ઓફિસ, યુ.સી.ડી. વિભાગ, સેન્ટ્રલ ઝોન ખાતે નાગરિક સુવિધા કેન્દ્ર વિગેરેની  મુલાકાત લીધી હતી.

ડે. મેયરશ્રી સુષ્માબેન અગ્રવાલ ધ્વારા પ્રતિનિધિ મંડળનું સુરત મહાનગરપાલિકા વતી સ્વાગત કરતાં જણાવ્યું હતું કે સુરત શહેરની ઐતિહાસીક અને ભૌગોલીક પ્રશ્ચાદ ભૂ માં સુરતની હાલની વસ્તી, વિસ્તાર અને ગીચતા સાથે સુરત મહાનગરપાલિકાના વિવિધ પ્રકલ્પો અને વિકાસ કામોની ઝાંખી કરાવતા જણાવ્યું હતું કે સુરત એક વિકાસ પામતું શહેર છે. તેથી અર્બન ડેવલપમેન્ટના નિરીક્ષણ માટે સુરતની પસંદગી કરી તે આનંદની વાત છે. સુરત શહેરમાં ઘણા ઈન્ફાસ્ટ્રકચરની કામગીરી ચાલે છે. આ પ્રસંગે મેયરશ્રીએ જણાવ્યું હતું કે સને ૧૯૯૫ પછી આ શહેર નો વિકાસ વણથંભી રીતે અવિરત આગે કુચ જારી રાખેલ છે. આ શહેરના શાસકોએ વહિવટી પાંખ સાથે સંકલન કરી શહેરના લોકોની પાયાની જરૂરીયાતો ઉપરાંત વાંચન તેમજ ઉચ્ચ શિક્ષણ ની સુવીધા પુરી પાડેલ છે. સુરત શહેર અન્ય શહેરો માટે પથદર્શક બની રહેલ છે તે માટે તેમણે શુભકામના વ્યકત કરેલ અને જોઈતો સહકાર આપવાની ખાતરી આપેલ.



વિવિધ સ્થળ મુલાકાત બાદ તા.૦૪–૦૨–૨૦૦૬નાં રોજ સાંજે ૪.૦૦ કલાકે નવા સ્થાયી સમિતિ ખંડમાં ઈ–ગર્વન્સ અને એડમીનીસ્ટ્રેટીવ રીફોર્મ્સ અને સુરતની ડોકયુમેન્ટરી અંગે પ્રેઝન્ટેશનનું આયોજન કરવામાં આવેલ. પ્રેઝનટેશન માં સુરતનો ચોમેર વિકાસ નિહાળી તેઓ પ્રભાવિત થઈ તેઓ તરફથી સુરત શહેરના વિકાસ તેમજ વહીવટને લગતી બાબતો અંગે ઉંડો રસ લઈ પ્રશ્નોત્તરી કરી સુરત મહાનગરપાલિકા વિશે કમિશનરશ્રી પંકજ જોષી પાસેથી વધુ માહિતી મેળવેલ. તેઓએ સુરત મહાનગરપાલીકાની નાણાંકીય, સંચાલન, વ્યવસ્થા  અને વહીવટી સુધારાની સરાહના કરી હતી. મોટા પ્રોજેકટ કામો, ફલાય ઓવર બ્રીજ, વિયરકમ–કોઝ–વે, નાગરીક સુવિધા કેન્દ્રો, રસ્તા, લાઈટ, સ્વચ્છતા, વૃક્ષોની ગ્રીનરી વગેરે જોઈ ખુબ જ પ્રભાવિત થયેલ અને આશા સેવેલ આ  ટુર થી તેમને જરૂરી માહિતી મળી રહેશે.  મા. મેયરશ્રીના વરદ હસ્તે, શ્રી જીતેન્દ્ર શુકલા, મ્યુ. કમિશનરશ્રી કોરબા, ડે. મેયરશ્રી સુષ્માબેન અગ્રવાલના વરદ હસ્તે,  શ્રી એસ. કે. સુંદરાની, મ્યુ. કમિશનરશ્રી રાયગઢ, તેમજ સ્થાયી સમિતિના અધ્યક્ષશ્રી રણજીતભાઈ ગીલીટવાલાએ ફાલોદી મ્યુ. બોર્ડના પ્રમુખને આ પ્રસંગે સ્મૃતિ ભેટ અર્પણ કરેલ.

શ્રી જીતેન્દ્ર શુકલા, મ્યુ. કમિશનરશ્રી કોરબા, શ્રી એસ. કે. સુંદરાની, મ્યુ. કમિશનરશ્રી રાયગઢ, તેમજ ફાલોદી મ્યુ. બોર્ડના પ્રમુખ  તથા તેમની સાથે પાંચ સભ્યશ્રીઓએ  ટુર દરમ્યાન સુરત મહાનગરપાલિકાના અધિકારીશ્રીઓ તરફથી મળેલ સહકાર અને માર્ગદર્શન બદલ આભાર માન્યો હતો.

આ પ્રસંગે  મા. મેયરશ્રી, અધ્યક્ષશ્રી, સ્થાયી સમિતિ, નેતાશ્રી શાસક પક્ષ, નેતાશ્રી વિરોધ પક્ષ, કમિશનરશ્રી, સુરત મહાનગરપાલિકાના વિભાગીય વડાશ્રીઓ, પદાધીકારીઓ હાજર રહયા હતા.

TOP

## આંતર રાષ્ટ્રીય મહિલા દિન નિમિત્તે સુરત મહાનગરપાલિકા તરફથી સરદાર સ્મૃતિભવન ખાતે મહિલાઓના સન્માન સમારંભ યોજવામાં આવેલ

આંતર રાષ્ટ્રીય મહિલા દિન નિમિત્તે સુરત મહાનગરપાલિકા તરફથી ૮ મી માર્ચ ૨૦૦૬ના રોજ સરદાર સ્મૃતિભવન, વરાછા રોડ, ખાતે બપોરે ૩.૦૦ કલાકે મહિલાઓના સન્માન સમારંભ યોજવામાં આવ્યો હતો. આ સન્માન સમારંભમાં મા. મેયરશ્રી ડો. કનુભાઈ માવાણી, મુખ્ય મહેમાન પદ્મવિભૂષિત શ્રીમતિ પૂર્ણિમાબેન પકવાસા, ડે. મેયર શ્રીમતિ ડો. સુષ્માબેન અગ્રવાલ, શાસક પક્ષના નેતાશ્રી રાજેશભાઈ દેસાઈ, સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષા શ્રીમતિ અસ્મિતાબેન શિરોયા, ઉપાધ્યક્ષા શ્રીમતિ છાયાબેન ભૂવા ઉપસ્થિત રહયા હતા. આ સમારંભમાં મહાનગરપાલિકાના ૩૪ ચૂંટાયેલા મહિલા સદસ્યશ્રીઓ તેમજ શહેરની ૬૩ મહિલા સંસ્થાઓના પ્રતિનિધિઓનું શાલ ઓઢાડી સન્માન કર્યુ હતું. મા. મેયરશ્રીએ તેમના ઉદબોધનમાં કહયું હતું કે " આંતરરાષ્ટ્રીય મહિલા દિનની ઉજવણી કરવી પડે છે, તે જ આપણી કમનશીબી છે. દેશના વિકાસ માટે મહિલાઓનો યોગદાન ખૂબ જરૂરી છે. આજે સ્ત્રીની ૨૦% શકિત જ બહાર આવી છે. તે પૂરેપૂરી બહાર આવે તે માટે આપણે પ્રયત્ન કરવા જોઈએ. હિન્દુસ્તાનમાં સ્ત્રીધનને બચાવવા સરકારે મહિલા માટે સીકયુરીટી ઉભી કરી, નોકરીમાં પણ તેઓ માટે આરક્ષણ કરવું જોઈએ.



પ્રખર ગાંધીવાદી પદ્મવિભૂષિત શ્રીમતિ પૂર્ણિમાબેન પકવાસાએ તેમના વ્યકતવ્યમાં જણાવ્યું કે, આજેપણ સમાજમાં પહેલી દીકરી હોય તો લોકોના મોઢા કરમાય જાય છે. બહેનો જ બહેનોની દુશ્મન બને છે. આપના સુધરેલા સમાજ કરતાં પછાત ગણાતા આદિવાસીઓ આગળ છે, કે તેઓ દીકરા–દીકરી વચ્ચે ભેદ રાખતા નથી. તેમને બેહનોને ઘરના કાર્યો ઉપરાંત ફાજલ સમયનો ઉપયોગ કરી જેને ભણવાનો મોકો નથી મળ્યો, જેઓ સુખ માટે તલસે છે તેઓને જીવન બનાવવામાં સહાયરૂપ થવાનો અનુરોધ કર્યો હતો. ડે. મેયરશ્રીએ માહિતી આપતા જણાવ્યું સૌ પ્રથમ ૧૯૧૦માં ભારતમાં મહિલા સંમેલન થયું હતું અને ૮ મી માર્ચ ૧૯૫૭ના રોજ અમેરિકાની એક કંપનીની બહેનોએ કામનો સમય ઘટાડવા માટે આંદોલન કરી સમય ઓછો કરાવેલ, તેને અનુલક્ષીને ૮ મી માર્ચને આંતરરાષ્ટ્રીય મહિલાદિન તરીકે ઉજવવામાં આવે છે. સાંસ્કૃતિક સમિતિના ઉપાધ્યક્ષાએ આભારવિધિ કરી હતી. સમગ્ર સમારોહનું સફળ સંચાલન કુ. એશા દાદાવાળએ કર્યુ હતું.

TOP

## સુરત મહાનગરપાલિકાની મેયર્સ ટીમ, કમિશ્નર્સ ટીમ તથા પ્રેસ ટીમ વચ્ચે ટ્રાયેન્ગુલર ક્રિકેટ ટુનાર્મેન્ટ

સુરત મહાનગરપાલિકાની મેયર્સ ટીમ, કમિશ્નર્સ ટીમ તથા પ્રેસ ટીમ વચ્ચે ટ્રાયેન્ગુલર ક્રિકેટ ટુનાર્મેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. લાલભાઈ કોન્ટ્રાકટર સ્ટેડિયમ ખાતે તા. ૧૦–૩–૨૦૦૬ના રોજ શરૂ થયેલી ટુનાર્મેન્ટની પ્રથમ મેચ મેયર્સટીમ તથા પ્રેસ  ટીમ વચ્ચે રમાઈ હતી, જેનું ઉદઘાટન મા. મેયરશ્રી ડો. કનુભાઈ માવાણીએ ટોસ ઉછાળી કર્યુ હતું. પ્રેસ ટીમે ટોસ જીતીને સૌ પ્રથમ બેટીંગ પસંદ કર્યુ હતું. તેમાં સુરત મહાનગરપાલિકાની મેયર્સ ટીમ, કમિશ્નર્સ ટીમ તથા પ્રેસ ટીમ વચ્ચે લાલભાઈ કોન્ટ્રાકટર સ્ટેડિયમ, સુરત ખાતે ટ્રાયેન્ગુલર ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. તા. ૧૨–૩–૨૦૦૫ના રોજ કમિશ્નર ઈલેવન અને પ્રેસ ઈલેવન વચ્ચે રમાઈ હતી. જેમાં કમિશ્નર્સ ઈલેવને પોસ જીતી પ્રથમ બેટીંગ પસંદ કર્યુ હતું. જેમાં મા. મેયરશ્રી ડો. કનુભાઈ માવાણી, મ્યુ. કમિશ્નરશ્રી પંકજ જોષી, ડે. મેયર શ્રીમતિ સુષ્માબેન અગ્રવાલ, સ્થાયી સમિતિના અધ્યક્ષશ્રી રણજીતભાઈ ગીલીટવાલા, શાસકપક્ષના નેતાશ્રી રાજેશભાઈ દેસાઈ, સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષા શ્રીમતિ અસ્મિતાબેન શિરોયા અને ઉપાધ્યક્ષા શ્રીમતિ છાયાબેન ભૂવા તથા અન્ય સમિતિના અધ્યક્ષો, લાલભાઈ કોન્ટ્રાકટર સ્ટેડિયમના ચેરમેનશ્રી કનૈયાભાઈ કોન્ટ્રાકટર તથા હોદેદારો, અધિકારીશ્રીઓ તેમજ પત્રકારમિત્રોએ ઉપસ્થિત રહી ખેલાડીઓને પ્રોત્સાહન પુરૂ પાડયું હતું. આ મેચમાં કમિશ્નર ઈલેવનનો ૩૦ રને વિજય થયો હતો બંને ટીમનો સ્કોર નીચે મુજબ છે.



| કમિશ્નર્સ ટીમ | |
|---|---|
| ૨૫ ઓવરમાં ૧૭૦ રન/૫ વિકેટ | |
| ધનસુખ પટેલ ૫૮ રન | જયેશ બ્રહમભટ્ટ ૨૪ રન/ ૨ વિકેટ |
| જશવંત પટેલ ૪૩ રન | રાકેશ ઢીમર ૨૪ રન/ ૧ વિકેટ |
| નવનીત પટેલ ૨૮ રન | સંજય વૈરાગી ૩૫ રન/ ૧ વિકેટ |
| પ્રેસ ઈલેવન ૧૪૦ રન/ ૯ વિકેટ | |
| વિનોદ જૈન ૨૪ રન | હીરાભાઈ પટેલ ૨૭ રન/૩ વિકેટ |
| પરીમલ ચાસીયા ૨૬ રન નોટ આઉટ | જતીનભાઈ દેસાઈ ૨૫ રન/ ૩ વિકેટ |
| જયેશ બ્રહમભટ્ટ ૧૧ રન | જયેશ સોલંકી ૨૭ રન/૧ વિકેટ |

મેયર્સ ટ્રાયંગ્યુલર ક્રિકેટ ટુર્નામેન્ટમાં ચેમ્પીયન ટ્રોફી કમિશ્નર ઈલેવને હાંસલ કરી હતી. તેમાં રનર્સઅપ ટ્રોફી પ્રેસ ઈલેવને તેમજ સેકન્ડ રનર્સઅપ ટ્રોફી મેયર્સ ઈલેવને મેળવી હતી. આ મેચમાં મેન ઓફ ધ મેચ જશવંત પટેલ કમિશ્નર ઈલેવન, તેમજ મેન ઓફ ધી સીરીઝ હીરાભાઈ પટેલ કમિશ્નર ઈલેવન જાહેર કરવામાં આવી હતી. આ ઉપરાંત બેસ્ટ બેટસમેન તરીકે ધનસુખ પટેલ કમિશ્નર ઈલેવન, બેસ્ટબોલર તરીકે રાજા શેખ પ્રેસ ઈલેવન તેમજ બેસ્ટ ફીલ્ડર તરીકે જે. પી. શાહ મેયર્સ ટીમ મહાનુભાવોને ટ્રોફી એનાયત કરવામાં આવી હતી.



આ મેચમાં અમ્પાયર તરીકે કેફી દૂધવાલા અને આદીલ પાલીયાએ, કોમેન્ટેટર તરીકે શ્રી સમીર વ્યાસ અને પંકજ પાનવાલા તથા સ્કોરર તરીકે હર્ષદભાઈ ગજજર, જયેશ નાયકે સેવા આપી હતી.

TOP

## સહકાર માટે નાગરિકોને અપીલ

ગયા દાયકામાં સુરત શહેરની વસ્તી બમણી થઈ છે, અને હજી વધતી જાય છે. આવતા દસ વર્ષમાં તે લગભગ ૪૨.૦૦ લાખ થવાની ધારણા છે. શહેરના આ વિકાસ સાથે વાહનવ્યવહારની વ્યવસ્થાનો પ્રશ્ન વિકટ બનતો જાય છે. હયાત રસ્તાઓ અને વાહન વ્યવસ્થા અપૂરતા જણાય છે, તેમજ એક સ્થળેથી બીજે સ્થળે જવા માટે સમય વધુ વેડફાય છે. પાર્કીંગ મળતું નથી. આ ઉપરાંત હવા તથા ઘોંઘાટનું પ્રદૂષણ વધ્યું છે.

આવા વિકટ પ્રશ્નોનું નિરાકરણ કરવા ગુજરાત ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ બોર્ડના સહયોગથી સુરત મહાનગરપાલિકા અને સુડા, શહેરની પરિવહન વ્યવસ્થાને નવુ રૂપ આપવા માંગે છે. જેના આયોજનનું કામ તેમણે મે. કન્સલ્ટીંગ એન્જીનિયરીંગ સર્વીસીસ (ઈન્ડીયા) પ્રા. લિમીટેડને સોંપ્યું છે.

આ સંદર્ભમાં સુરત શહેરના એકંદરે ૧૨,૦૦૦ જેટલા કુટુંબોના પરિવહનના અનુભવનો અને પ્રવર્તમાન વ્યવસ્થાનો સર્વે કરવામાં આવશે.

આ પ્રકારના સર્વે ધ્વારા ભેગી કરવામાં આવેલ વિગતોનો ઉપયોગ કરી લોકોની પરિવહન અંગેની જરૂરીયાતો જેવી કે, રસ્તા, વાહન વ્યવહારના સાધનો, સામૂહિક પરિવહન વિગેરેનું વર્તમાન તેમજ ભવિષ્યની જરૂરીયાતોને લક્ષમાં રાખી એક સુસજજ આયોજન કરવામાં આવશે.

આ સમગ્ર આયોજન નાગરિકો ધ્વારા આપેલી માહિતી ઉપર આધારિત હોઈ, સુરત મહાનગરપાલિકા તથા સુરત શહેરી વિકાસ સત્તા મંડળ (સુડા) ધ્વારા તમામ નાગરિકોને અપીલ કરવામાં આવે છે કે તમારા ઘરે ઓળખપત્ર સાથે આવનાર અન્વેષકને માહિતી આપવા અંગે સહકાર આપવો. આપણા શહેરને નમુનેદાર શહેર બનાવવાનાં સુરત મહાનગરપાલિકા તથા સુડાના આ પ્રયત્નને સફળ બનાવવામાં આપનો સહકાર યશભાગી નીવડશે.

TOP